
## યુદ્ધ કેન્દ્રી નવલકથાઓ

# યુદ્ધનું હકીકત અને કલ્પનાના મિશ્રણ સાથેનું દસ્તાવેજીકરણ


યુદ્ધ માત્ર વિનાશક હોતું નથી, સર્જનાત્મક પણ હોય છે. આ બાબત પુરવાર કરતાં અનેક દાખલા ઇતિહાસમાં મળી રહે છે. વધુ દૂર ન જતાં બંને વિશ્વયુદ્ધનો ઇતિહાસ તપાસતાં સમજાય કે મૂળભૂત રીતે આ બંને વિશ્વયુદ્ધો દરમ્યાન તે બંનેમાં ઉપયોગમાં લેવાના મૂળભૂત હેતુથી થયેલી ઘણી શોધ એ પછીના સમયમાં વિશ્વભરની આમપ્રજાના ઉપયોગમાં આવી છે. એ જ રીતે સતત મૃત્યુના ભયના ઓથાર હેઠળ જીવતા યોદ્ધાઓ સૌથી વધુ સર્જનાત્મક હોય છે.

આ જ તરજ પર યુદ્ધ એ કવિઓ અને લેખકોનો પણ પ્રિય વિષય રહ્યો છે. રામાયણ અને મહાભારતના યુદ્ધોને કેન્દ્રમાં રાખીને રચાયેલું વૈવિધ્યપૂર્ણ સાહિત્ય તો હવે જગ મશહૂર છે. આના પરથી એ પ્રશ્ન થાય કે આવા યુદ્ધ અને લશ્કરને કેન્દ્રમાં રાખીને નવલકથાઓ અત્યારે ખાસ કરીને છેલ્લાં થોડાં વર્ષોમાં લખાઈ છે ખરી? જવાબ છે, હા. આવી નવલકથાઓની યાદી કરીએ એટલે તેમાં બે નવલકથાઓ તો સીધી જ યાદ આવે: એક, ભગવાન એસ. ગિદવાનીની ‘ધ સ્વોર્ડ ઓફ ટીપુ સુલતાન’, જેના પરથી




સંજય ખાને દૂરદર્શન પર ‘ધ સ્વોર્ડ ઓફ ટીપુ સુલતાન’નામની જ સિરિયલ પણ બનાવેલી. આ નવલકથા અને આ સિરિયલ પણ મુખ્યત્વે હૈદર અલી અને ટીપુ સુલતાનના અંગ્રેજો સાથેના લાંબા સંઘર્ષને દર્શાવે છે. આ નવલકથા અને સિરિયલમાં હાઈલાઇટ કરાયેલા અન્ય મુદ્દાઓમાં ટીપુ સુલતાનની લશ્કરી અને વહીવટી કુશળતા અને તેના શાસનકાળમાં મૈસૂર(જે આજે કર્ણાટકનો હિસ્સો છે.)માં પ્રવર્તતી કોમી એકતા વગેરેનો સમાવેશ થાય છે.

જેમ કે આ નવલકથા, સિરિયલ અને ટીપુ સુલતાનના પ્રમાણભૂત ઇતિહાસને સાચો માનીએ તો ટીપુ સુલતાનના દીવાન પંડિત પૂર્ણૈયા હતા, જેમણે હૈદર અલી અને ટીપુ સુલતાન બંનેના સમયમાં દીવાનપદું કર્યું હતું. એ ઉપરાંત ટીપુ સુલતાન પોતાના લશ્કરને ફ્રેન્ચ લશ્કરના ચૂનંદા અધિકારીઓ પાસેથી લશ્કરી તાલીમ અપાવતો હતો. તેમજ ટીપુ સુલતાનનો અંગત અંગરક્ષક રાજારામ હિંદુ હતો અને ટીપુ સુલતાનના મુખ્ય લશ્કરી સેનાપતિઓમાંના ઘણા હિંદુ હતા. આજે ભલે ટીપુ સુલતાનની તેના સમયની




રીતિનીતિ અંગે છાશવારે વિવાદો થતા રહેતા હોય પણ ટીપુ સુલતાનના જીવનની હકીકત સમજવી હોય તો બે બાબતો યાદ રાખવી પડે. એક, ટીપુ સુલતાનની લશ્કરી અને વહીવટી કુશળતા તેમજ તેણે પોતાના શાસનમાં કોમી એકતાને આપેલું ઉત્તેજન ટીપુ સુલતાને કરેલું અવિસ્મરણીય પ્રદાન છે. બે, છેલ્લા ઘણા સમયથી આપણે પ્રજા તરીકે એક ચર્ચાસ્પદ આદત જાણે કેળવી જ છે કે




આવાં ઐતિહાસિક વ્યક્તિત્વોએ પોતાના સમયમાં લીધેલા નિર્ણયોને આજે મૂલવવા. ખરેખર તો આ યોગ્ય નથી. કારણ કે જે તે મહાનુભાવે જે-તે નિર્ણય જ્યારે લીધો હોય ત્યારના સંજોગો આપણને ખબર હોતા નથી. આ બંને બાબતો ધ્યાનમાં રાખીને આજે ટીપુ સુલતાનને મૂલવવો જોઈએ. બાકી, પોતીકી અનુકૂળતા મુજબ વિવાદ ઊભો કરવો તો બહુ સહેલો છે.


ખેર, આ યાદી કરતાં જે બીજી નવલકથા તરત યાદ આવે છે તે છે હરિન્દર સિક્કાની ‘કોલિંગ સહેમત’. આ જ નવલકથા પરથી 2018માં આલિયા ભટ્ટની મુખ્ય ભૂમિકાવાળી રાઝી ફિલ્મ પણ બની હતી. આ નવલકથા જે સત્યકથા પર આધારિત છે તે મુજબ યુદ્ધ-71 દરમ્યાન ખાસ કરીને પાકિસ્તાનની તે

**આજે ભલે ટીપુ સુલતાનની તેના સમયની રીતિનીતિ અંગે છાશવારે વિવાદો થતા રહેતા હોય પણ ટીપુ સુલતાનના જીવનની હકીકત સમજવી હોય તો બે બાબતો યાદ રાખવી પડે**

સમયની ફેમસ સબમરીન ગાઝીનો ખાતમો કરવામાં ભારતીય લશ્કરની અંડરકવર એજન્ટ સહેમતે આપેલી માહિતીની ચાવીરૂપ ભૂમિકા રહી હતી. એ પછી પણ આ સહેમત વર્ષો સુધી આપણી વચ્ચે હયાત હતા અને પોતાના વતનમાં શાંતિપૂર્વક નિવૃત્ત જીવન પસાર કરતાં રહ્યાં હતાં.

આ સાથે આ યાદી સંદર્ભે વૈશ્વિક ફલક પર નજર દોડાવીએ તો ઐતિહાસિક વોર નવલકથા અંતર્ગત એનરિક મારિયા રેમાર્કની પહેલા વિશ્વયુદ્ધ પર આધારિત એન્ટી વોર નવલકથા All Quiet on the Western Front, ટીમ ઓ બ્રાયનની વિયેતનામ વોર પર આધારિત એકથી વધુ ભાગમાં વહેંચાયેલી નવલકથા The Things They Carried, સ્પેનિશ સિવિલ વોર પર આધારિત અર્નેસ્ટ હેમિંગ્વેની For Whom the Bell Tolls, તેમજ આધુનિક વોર નવલકથાઓ અને વાર્તાઓ અંતર્ગત કાર્લ માર્લેન્ટિસની વિયેતનામ વોરનું વધુ વાસ્તવિક અને હાર્ડકોર ચિત્રણ કરતી નવલકથા Matterhorn અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન હિટલરના ઇગલ્સ નેસ્ટ કહેવાતા લશ્કરી ઠેકાણા પરના હવાઈ હુમલાના ઘટનાક્રમ પર આધારિત સ્ટિફન ઇ. એમ્બ્રોઝકૃત Band of Brothers તેમજ થ્રિલર અને જાસૂસી નવલકથાઓ અંતર્ગત ટોમ ક્લેન્સીની The Hunt for Red October તેમજ ભારતના સ્વપ્નિલ પાંડેની Balidan: Stories of Indian’s Greatest Para Special Forces Operativesનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુદ્ધમાં ગન પાવડરનો ઉપયોગ શરૂ થયો તે પહેલાંના મધ્યકાલીન વિશ્વના સામ્રાજ્યોની યુદ્ધ કથા આલેખથી માઇકલ સારાની The Killer Angels નવલકથાનો સમાવેશ કરી શકાય. આ નવલકથા અમેરિકન સિલવિલ વોર દરમ્યાનની બેટલ ઓફ ગેટીસબર્ગ પર આધારિત છે.

આ સમગ્ર ચર્ચાના સારરૂપે એક રસપ્રદ તારણ એ પણ નીકળી શકે કે છેલ્લા થોડા વર્ષોમાં લખાયેલી વોર અને મિલિટરી આધારિત નવલકથાઓના વિષયો યુદ્ધના વૈશ્વિક ઇતિહાસની દૃષ્ટિએ મુખ્યત્વે ચાર યુદ્ધોની આસપાસ ફરે છે: પહેલું વિશ્વયુદ્ધ, બીજું વિશ્વયુદ્ધ, વિયેતનામ વોર અને કોરિયન વોર. આ ઉપરાંતના આ સંદર્ભે ફેવરિટ કહેવાય તેવા વિષયોમાં ક્યારેક વળી, અમેરિકન સિવિલ વોર અને અમેરિકાનો




સ્વાતંત્ર્ય સંગ્રામ પણ ઝબકી જાય છે. એ જ રીતે ભારતની વાત કરીએ તો ભારતમાં 1971નું ભારત-પાક. યુદ્ધ, 1999નું કારગિલ યુદ્ધ અને આપણા ઇતિહાસની વાત કરીએ તો અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે શરૂઆતના સમયગાળામાં તત્કાલીન ભારતના કેટલાક શાસકોએ અંગ્રેજો સામે કરેલો જોરદાર સંઘર્ષ પણ વોર નવલકથાઓના અને સંસ્મરણોના પણ અગ્રગણ્ય વિષયો રહ્યા છે. એ રીતે વોર નવલકથાઓને યુદ્ધનું હકીકત અને કલ્પનાના મિશ્રણ સાથેનું દસ્તાવેજીકરણ પણ કહી શકાય.




# જંગલમાં પહોંચેલા અક્ષય કુમારનું દર્શકોએ ઉત્સાહથી વેલકમ કર્યું છે!

ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’થી એ સાબિત થયું છે કે અક્ષય કુમારની સાચી તાકાત અને તેનો અસલ અંદાજ કોમેડી જ છે. આ માઈન્ડલેસ પણ રંગીન કોમેડી દર્શકો અને બોક્સ ઓફિસ માટે એક મોટો બૂસ્ટર સાબિત થઈ છે. આવી ફિલ્મો જ સામાન્ય જનતાને થિયેટર સુધી ખેંચી લાવે છે. ફિલ્મે પ્રથમ દિવસે જ રૂ.19.40 કરોડ રૂપિયાની કમાણી સાથે ધમાકેદાર શરૂઆત કરી હતી અને આ વર્ષની ત્રીજી સૌથી મોટી બોલિવૂડ ઓપનિંગ ફિલ્મ બની ગઈ છે. એ સાથે અક્ષયની ટોપ 10 ઓપનર ફિલ્મોમાં પણ સ્થાન મેળવ્યું છે. દર્શકોએ કોમેડી ટાઈમિંગ માટે અક્ષયને ઉત્સાહથી ‘વેલકમ’કહ્યું છે! છેલ્લા કેટલાક સમયથી અક્ષય કુમારની ફિલ્મો બોક્સ ઓફિસ પર સંઘર્ષ કરી રહી હતી. તેના માટે ‘ભૂત બંગલા’ પછી આ ફિલ્મ કારકિર્દીને ફરી પાટા પર લાવવા માટે જીવનરેખા સમાન છે. દર્શકો તેને ગંભીર રોલ કરતાં કોમેડી રોલમાં વધુ પ્રેમ આપે છે એ વાત આ ફિલ્મના પ્રતિભાવોથી ફરી સાબિત થયું છે. ‘વેલકમ ટુ ધ જંગલ’ની વાર્તા વિચિત્ર અને રમુજી છે.

**ફિલ્મની સૌથી મોટી તાકાત તેની સિચ્યુએશનલ કોમેડી અને અક્ષય કુમારનો ડબલ રોલ છે, જ્યારે બંને અક્ષય સામસામે આવે છે ત્યારે થિયેટરમાં હાસ્યનું મોજું ફરી વળે છે, પોતાની જ મજાક ઉડાવીને લોકોને હસાવવાની જે અદભુત પ્રતિભા અક્ષય કુમાર પાસે છે**

ફિલ્મ જોવા માટેની સૌથી પહેલી અને મહત્વની શરત એ છે કે થિયેટરમાં જતા પહેલાં મગજ ઘરે જ લોક કરીને જવું. એ સહેજ પણ લોજિક કે કોમન સેન્સ વાપરવા માટે બની જ નથી. માત્ર કાનથી સાંભળવા અને ગળું ફાડીને હસવા માટે બનાવવામાં આવી છે. શરૂઆતમાં જ અક્ષયની એન્ટ્રી ‘ઘીસ ઘીસ ઘીસ’નામના ભોજપુરી સ્ટાઈલના ગીત સાથે થાય છે. જે જોઈને સમજાઈ જાય છે કે અહીં નો-નોનસેન્સ મનોરંજન પીરસવામાં આવ્યું છે. નિર્દેશક અહેમદ ખાને બહુ ચાલાકીથી જૂની ‘વેલકમ’ની યાદો અને નોસ્ટાલ્જીયાનો ઉપયોગ કર્યો છે. ફરહાદ સામજીના સંવાદો ઘણી જગ્યાએ ગલીપચી કરે છે અને બોલિવૂડ પર કટાક્ષ પણ કરે છે.




હિંમતભર્યો અને હાસ્યસ્પદ કટાક્ષ જેકલીન ફર્નાન્ડીઝ પર કરવામાં આવ્યો છે. મજાક-મજાકમાં જ એવું બોલી દેવાય છે કે, ‘આ હિરોઈન જે ફિલ્મમાં હોય તેનું ફ્લોપ થવું નક્કી જ હોય છે!’ અને ‘અમિતાભ કભી મરતા નહીં હૈ!’ અત્યંત લોકપ્રિય થયો છે. જોકે, ફિલ્મનું VFX ઘણું નબળું છે અને કમ્પ્યુટરથી બનાવેલા ઘોડા કે એનિમલ્સ બહુ નકલી લાગે છે. છતાં ફિલ્મની કોમેડી એટલી મનોરંજક છે કે આ બધી ખામીઓ તરફ જોવાનો સમય જ મળતો નથી. સામાન્ય રીતે ફિલ્મોમાં ચાર-પાંચ કલાકારો હોય તો તેને મલ્ટીસ્ટાર કહેવાય પણ આમાં તો ૩૪ જેટલા સ્ટાર્સનો આખો મેળો ભરાયો છે! ફિલ્મની સૌથી મોટી તાકાત તેની સિચ્યુએશનલ કોમેડી અને અક્ષય કુમારનો ડબલ રોલ છે, જ્યારે બંને અક્ષય સામસામે આવે છે ત્યારે થિયેટરમાં હાસ્યનું મોજું ફરી વળે છે, પોતાની જ મજાક ઉડાવીને લોકોને હસાવવાની જે અદભુત પ્રતિભા અક્ષય કુમાર પાસે છે. તે આ ફિલ્મમાં સો ટકા જોવા મળે છે. પ્રેક્ષકો અક્ષય કુમારથી કંટાળ્યા નથી પણ તેઓ તેને ખોટા વિષયોમાં જોવા માંગતા નહોતા. ‘કોમેડી કિંગ અક્ષય’માટે આજે પણ પબ્લિક ક્રેઝી છે અને આ ફિલ્મ તેની બ્રાન્ડ વેલ્યુને ફરીથી સ્થાપિત કરનારી સાબિત થઈ છે.

સુનીલ શેટ્ટી સાથેની તેની ખટપટ અને રવીના ટંડન સાથે 20 વર્ષ પછીનો રોમાન્સ દર્શકો માટે એક વિઝ્યુઅલ ટ્રીટ સમાન છે. જોકે, આખી ફિલ્મમાં અક્ષય સિવાય જો કોઈ સૌથી વધુ લાઈમલાઈટ ચોરી ગયું હોય તો તે ફરીદા જલાલ અને જોની લીવર છે! ખાસ કરીને ફરીદાના ઉર્દૂ શાયરીવાળા સીન્સ અને સંવાદો એટલા મજેદાર છે કે આખું થિયેટર પાગલ થઈ જાય છે. તે ક્યારેક મુખ્ય કલાકારો પર ભારે પડતા દેખાય છે. આ ઉપરાંત અરશદ વારસી, રાજપાલ યાદવ અને પરેશ રાવલની ત્રિપુટી પણ સારું મનોરંજન પૂરું પાડે છે.

ફિલ્મના પ્લસ પોઈન્ટ ઘણા છે. આ ફિલ્મમાં હસાવવા માટે કોઈ પણ પ્રકારની અશ્લીલતા, ડબલ મિનિંગ જોક્સ કે સ્ત્રીઓના ગ્લેમરના ખોટા ઉપયોગનો સહારો લેવામાં આવ્યો નથી. હીરોઈનોના લુકને કારણે જે ફિલ્મને એડલ્ટ માનવામાં આવતી હતી તેને સેન્સરના કટ્સ પછી એક શુદ્ધ પારિવારિક ફિલ્મ બનાવી દેવાઈ છે.

વ્યાપારી દ્રષ્ટિએ આ બહુ મોટો માસ્ટરસ્ટ્રોક છે. કારણ કે ભારતમાં સિંગલ સ્ક્રીન અને ફેમિલી ઓડિયન્સ જ્યાં સુધી થિયેટરમાં ન આવે ત્યાં સુધી કોઈ કોમેડી ફિલ્મ સુપરહિટ થઈ શકતી નથી. નિર્માતા સ્ક્રીન પર સ્વીકારે છે કે હીરોઈનોને માત્ર ગ્લેમર વધારવા માટે જ રાખવામાં આવી છે. સ્વચ્છ કોમેડીના કારણે જ એક પારિવારિક ફિલ્મ ગણવામાં આવી છે. ફિલ્મની એકમાત્ર મોટી નબળાઈ તેનો બીજો ભાગ અને તેનું સંપાદન છે. ઈન્ટરવલ પછી ફિલ્મ કેટલીક જગ્યાએ થોડી ખેંચાયેલી અને લાંબી લાગે છે. તેમ છતાં નિર્દેશકે આટલી મોટી સ્ટારકાસ્ટને કોઈ પણ જાતની ખીચડી બનાવ્યા વગર જે રીતે સંભાળી છે, તેના વખાણ કરવા જ પડે. ‘વેલકમ ટુ ધ જંગલ’ એવા લોકો માટે આશીર્વાદરૂપ છે જેઓ થિયેટરમાં માત્ર ‘મનોરંજન, મનોરંજન અને મનોરંજન’ ઈચ્છે છે. પરંતુ જે લોકો સિનેમામાં વાર્તાની ઊંડાઈ, અદભુત વીએફએક્સ કે બૌદ્ધિકતા શોધતા હશે તેમના માટે નિરાશાજનક સાબિત થઈ શકે છે.

### ઓટોગ્રાફ!

ફિલ્મ ‘ચૌહાન’ના ટીઝરમાં અજય દેવગનને આર્મીની વર્દી, હાથમાં પથ્થર અને બેકગ્રાઉન્ડમાં ‘જુમ્મા ચુમ્મા’ગીત સાથે જોઈ ઘણાને પ્રશ્ન થયો છે કે અજય દેશભક્તિના મૂડમાં છે કે અમિતાભ બચ્ચનના?

# નસીબ કરે જોર તો કોદરા વાઢે ચોર..!

ગામડે જવાનું થતું ત્યારે ત્યાંના લોકોના મોઢે એક કહેવત સાંભળવા મળતી: “નસીબ કરે જોર તો કોદરા વાઢે ચોર!” એ કહેવત કેવી રીતે પડેલી તે પણ જાણવા જેવું છે. એક ગામમાં બે પાડોશીઓ વચ્ચે હંમેશાં અણબનાવ રહેતો. બાજુવાળો એના ઘરમાં આખો દિવસ કશીક ને કશીક ઠોકઠાક કર્યે રાખતો હતો; તેથી પાડોશીને તકલીફ પડતી હતી. એક દિવસ પાડોશીએ ફરિયાદ કરતાં કહ્યું : ‘અત્યારે ભર બપોરે તમે કશીક ને કશીક ઠોકઠાક કર્યા કરો છો તેથી અમને બહુ ત્રાસ પડે છે. બીજાએ જવાબમાં કહ્યું: “જરૂર હોય તો ઠોકવું ય પડે. તમે ય ક્યારેક ઠોકો છો તેનો અમે ક્યાં વાંધો લઈએ છીએ?”

ત્યારબાદ થયું એવું કે તેજ રાત્રે પેલાને ત્યાં ચોર આવ્યા. ચોરે તિજોરી તોડી અંદરથી ઘરેણા વગેરે કાઢી સાઈડ પર મૂક્યા અને તિજોરીનું બીજું ખાનુ તોડવાનું ચાલુ કર્યું તેથી પાડોશીને ગુસ્સો આવ્યો. તેણે કોણ જાણે શું વિચારીને પોતાની દીવાલ પર ઠોકવા માંડ્યું. એ અવાજ સાંભળી ચોરટાઓને લાગ્યું કે બાજુના ઘરવાળા જાગી ગયા છે. એથી તેઓ ઘરેણા વગેરે બધું ત્યાં જ પડતું મૂકીને ભાગી છૂટ્યા. બીજે દિવસે આખા ગામને ખબર પડી કે વેરભાવથી દીવાલ પર અફાળેલો હથોડો નુકસાનકારકને બદલે ફાયદાકારક સાબિત થયો હતો. મનોમન એ બોલ્યો: ભાગ્યમાં ફાયદો લખેલો હોય તો કોઈ અટકાવી શક્તું નથી, બલકે વિઘ્ન કરવાને બદલે ફાયદો કરાવી જાય છે!

ગામના એક વડીલે એ કહેવત કેવી રીતે પડી તે અંગે જણાવતાં કહ્યું: “થયેલું એવું કે એક ખેડૂતના ખેતરમાં કોદરા (એક પ્રકારનું અનાજ)નો મબલખ પાક થયો હતો. ગામના એક ચોરને એ ચોરી લેવાની લાલચ જાગી અને મોડી રાત્રે તે ખેતરમાં ઘૂસ્યો, કોદરા વાઢવામાં એને લોભ



જાગ્યો. ભલે મોડું થાય પણ ખેતરમાં એક પણ કોદરાનો છોડ રહી ન જવો જોઈએ; એમ વિચારી એ મોડે સુધી એ કોદરા વાઢતો રહ્યો. એ કારણે થયું એવું કે સવાર પડી ગઈ તોય પેલાને તેનો ખ્યાલ જ રહ્યો નહીં. બાજુના ખેતરમાં અન્ય મજૂરો કામ કરવા આવ્યા. તેમને જોતાં જ એ ચમકી ગયો અને બધાં કોદરા ત્યાં જ પડતા મૂકીને ભાગી છૂટ્યો. સવારે ખેતરનો મૂળ માલિક આવ્યો અને આખું ખેતર ખેડાયેલું જોઈ પહેલા તો તે આશ્ચર્યમાં પડી ગયો પછી વિચાર્યું: “જેણે આ કર્યું હશે તેણે પણ મને તો ફાયદો જ થઈ ગયો. આજકાલ મજૂરો મળતા નથી એથી હું એ વાતે પરેશાન હતો કે




આ કોદરા આ વખતે મારા ઘરની કોઠીનું મોં નહીં જોઈ શકે અને તે ઘટના પરથી કહેવત પડી- “નસીબ કરે જોર તો કોદરા વાઢે ચોર!”

એક બીજી વાત પણ વિચારવા જેવી છે. આપણા ધર્મગુરુઓને એક કૂટેવ છે. તેઓ દરેક બાબતમાં માણસને કેન્દ્રમાં રાખવાને બદલે ભગવાનને કેન્દ્રમાં રાખે છે. જેમકે ભગવાનમાં માનીશું તોજ આપણું કલ્યાણ થશે. ઘણાં લોકો પોતાની ફરજ બજાવવાના ટાણે પણ ફાલતુ કામો કરતા રહે છે. જેમકે વિમાનમાં નિરાંતે ઊંઘ કાઢતા મુસાફરો કરતાં પાયલોટનું રક્ષણ થાય તે વધુ જરૂરી હોય છે. અર્થાત્ એમ કહો કે ઘરના દીવા કરતાં દીવાદાંડીની ઉપયોગીતા હંમેશા વધારે હોય છે પણ પાયલોટ ચાલુ વિમાને તેનું કોઈ અંગત કામ કરતો હોય તો પેસેન્જરોનો જીવ ઊંચો થઈ જાય. ધર્મગુરુઓનું ખરું કામ તો ધર્મના લાખો અનુયાયીઓ વચ્ચે કલહ ન ફાટી નીકળે તે જોવાનું હોય છે. તેમણે લોકોને કહેવું જોઈએ કે: “હું હિન્દુ, તું મુસ્લિમ, તે ઈસાઈ કેમ છે? એક જ વૃક્ષના ફળમાં જુદાઈ કેમ છે?”

વારંવાર એ સાબિત થાય છે કે જ્યોતિષ વિદ્યા હંમેશા સાચી નથી પડતી. છતાં લોકો જ્યોતિષમાં આંધળો વિશ્વાસ ધરાવે છે. સમય વિતતા જીવન બદલાય છે, નવી નવી શોધો થાય છે. અભ્યાસક્રમના જૂના પુસ્તકો રદ થાય અને નવા આવે છે; પણ જ્યોતિષીઓ સદીઓ પૂરાણા ગ્રહોના ગણિતના આધારે ભવિષ્યવાણી કરે છે. ‘રાહુ’ અને ‘કેતુ’ ગ્રહો જ નથી. ‘શનિ’ હવે નીકળી ગયો છે તથા બીજા કેટલાંક નવા ગ્રહો શોધાયા છે, છતાં જ્યોતિષીઓના ટીપણામાં એજ જૂના ગ્રહોનો અભ્યાસક્રમ ચાલે છે. માણસ મરે અને રેશનકાર્ડમાંથી તેનું નામ ન કાઢીએ તો ખાસ નુકસાન નથી, પણ ગ્રહોના ગણિતમાં મરેલા ગ્રહોનું ગણિત ચલાવ્યે રાખીએ તો ફળકથન ખોટું નીકળી શકે. મોદીસાહેબ, રાજકારણ અને લોકસેવાના મહત્વના મોભી રહ્યા છે. હવે આગામી ચૂંટણીમાં મોદીસાહેબનો વિજય થશે તો ગુજરાતની સફળ આગેકૂચ આગળ વધતી રહેશે, પણ સમય કોઈને બક્ષતો નથી. ઈન્દીરાજી, ચરણસિંહ, સંજયગાંધી, કે રાજીવગાંધીએ જ્યારે જ્યારે ખોટું કર્યું છે. ત્યારે સમયે તેમને સજા કરી છે. એ સજા સરકારના કાયદા પ્રમાણે ભલે થઈ હોય પણ લાલુપ્રસાદ હોય કે સંજય દત્ત, સૌએ આચરેલી દુષ્ટતા બદલ તેમણે જેલવાસ ભોગવવો જ પડ્યો છે. આવું થતું જોઈએ ત્યારે લાગે છે કે કાયદો સાવ મરી પરવાર્યો નથી. હજીય ક્યાંકથી કોઈ સાંસદ તેમના ભાડાં- ભથ્થાં કે પગારવધારાનો વિરોધ કરે છે. કળિયુગમાં આવું થતું જોવા મળે એ કાંઈ જેવી તેવી વાત છે?

**ભાગ્યમાં ફાયદો લખેલો હોય તો કોઈ અટકાવી શક્તું નથી, બલકે વિઘ્ન કરવાને બદલે ફાયદો કરાવી જાય છે!**

### ધૂપછાંવ

**આપણે જોઈએ** છીએ-હજીય કોઈ રાજકારણી લોકોની સેવામાં પોતાના આરામનો ભોગ આપી દે છે. હજીય કોઈ પોલીસ ઈનસ્પેક્ટર જાનની બાજી લગાવીને ધાડપાડુઓની આખી ટોળકીને જેર કરે છે. ગરીબ રિક્ષાવાળો પેસેન્જરની બે લાખ રૂપિયા ભરેલી બેગ પરત કરે છે, કદાચ દુનિયાભરમાં દાઉદ ઈબ્રાહિમો અને ઓસામા બિન લાદેનો કરતાં માનવતાના આવા નાના દીવડાઓની સંખ્યા વધારે છે. તેથી દુનિયામાં સાવ અંધારૂં થઈ ગયું નથી.

આપણે એ આછાપાતળા માનવતાના પ્રકાશમાં જીંદગીની મંઝિલ કાપી શકીએ એટલો પ્રકાશ આપણાં માર્ગોમાં પથરાતો રહ્યો છે. કળિયુગમાં સતીયુગના લક્ષણો દેખાય એ તો ખૂબ રાજી થવા જેવી વાત ગણાય!